### ઝોન કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૩-૨૪ માં

# કિસાન માધ્યમિક વિદ્યાલયના પ્રોજેક્ટની પસંદગી

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર દ્વારા આયોજિત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી મહીસાગર જિલ્લા શિક્ષણ સમિતિ મહીસાગર ના સંયુક્ત ઉપક્રમે મહીસાગર જિલ્લા વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૩-૨૪ શ્રી શ્રેયસ હાઈસ્કૂલ બાલાસિનોર મુકામે યોજાઈ ગયું . કિસાન માધ્યમિક વિદ્યાલય , લુણાવાડાનો પ્રોજેક્ટ સંકુલ કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ નંબર મેળવી જીલ્લા કક્ષાએ રજૂ કરવામાં આવ્યો હતો . જીલ્લા કક્ષાએ રજૂ કરવામાં આવેલા આ પ્રોજેક્ટ જીલ્લા કક્ષાએ પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ પ્રોજેક્ટ શાળાની ધોરણ-૧૧વિજ્ઞાન પ્રવાહની બે વિદ્યાર્થીનીઓ (૧) ચૌહાણ સુરભિ રાજપાલસિંહ (૨) ભોઈ મયુરી કિરીટભાઈ  દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો જેનું માર્ગદર્શન શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિજ્ઞાન પ્રવાહના શિક્ષક શ્રી નિરવકુમાર ગિરીશચંદ્ર ત્રિવેદી એ આપ્યું હતું.

જીલ્લાકક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં જીલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન મેળવી હવે આ પ્રોજેક્ટ ઝોન કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં મહીસાગર જીલ્લાની કિસાન માધ્યમિક વિદ્યાલયનું પ્રતિનિધિત્વ કરશે.

કિસાન માધ્યમિક વિદ્યાલયના આચાર્ય શ્રી હિતેશકુમાર વાય પટેલ ,શાળા સંચાલક મંડળના પ્રમુખ શ્રી મૌલિક પટેલ તેમજ સમસ્ત **OKC** સંકુલ પરિવારે પ્રોજેક્ટ ટીમની વિદ્યાર્થીનીઓ તેમજ માર્ગદર્શક શિક્ષકશ્રીને અભિનંદન પાઠવ્યા હતા .

